પ્રાથમિક શિક્ષણને ઉચ્ચત્તમ કોટિએ લઇ જવાનો સફળ આયામ : મુખ્યમંત્રી

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવને પ્રાથમિક શિક્ષણને ઉચ્ચતમ કોટિએ લઇ જવાનો સફળ આયામ ગણાવ્યો છે. ૨૦૦૩-૦૪થી શરૂ થયેલા આ શિક્ષણ સેવાયજ્ઞને પરિણામે ડ્રોપ આઉટ રેઈટ ૩૭.૨૨થી ઘટીને ૬.૪ થયો છે. આપણે હજુ તે શૂન્ય પર લઈ જવા પ્રતિબદ્ધ છીએ. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ૭ હજાર ગામોમાં આજથી શરૂ થયેલા કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવના ત્રિદિવસીય અભિયાનનો પ્રારંભ અમદાવાદ જિલ્લાના દસકોઈ તાલુકાના ભાત ગામની પ્રાથમિક શાળાથી કરાવ્યો હતો. તેમણે કહ્યું કે શાળાઓમાં ૧૦૦ ટકા નામાંકન થાય, ધો-૮માં પાસ થયેલા પ્રત્યેક બાળકનો ધો-૯માં અવશ્ય પ્રવેશ થાય અને હરેક બાળક શિક્ષણ સાથે સંસ્કૃત સહિત ભાષાકીય જ્ઞાન અને યોગ, કાવ્ય પઠન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ જેવી ઈતર બાબતોમાં પણ પારંગત થાય તે સમગ્ર વિષયોને અભિયાન સ્વરૂપે ઉપાડીને ગુજરાત પાછલા દોઢ દાયકામાં શિક્ષણ ક્ષેત્રે આમૂલચૂલ પરિવર્તન લાવનારૂં પથદર્શક રાજ્ય બન્યું છે. ભાત ગામમાં ઉત્સાહ ઉમંગથી થનગનતા પ્રવેશોત્સુક ૯૧ ભૂલકાંઓ અને તેમના માતા-પિતા સહિત ગ્રામજનો વહેલી સવારથી જ શાળા સંકુલમાં ઉપસ્થિત થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ ભૂલકાંઓને દફતર, ફળ-ફળાદિની કિટ તથા પુસ્તકો આપી શાળા નામાંકન કરાવ્યું હતું. આ અવસરે વિવિધ સખાવતી-દાતાઓ તરફથી મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાં રૂ.૨૧ લાખનું દાન અર્પણ થયું હતું.

અમીરગઢ તાલુકાના ગામોમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૬ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ગઢડા મુકામે આંગણવાડી અને પ્રાથમિક શાળામાં અને આવલ ગામની માધ્યમિક શાળામાં બાળકોને પ્રવેશ અપાવી ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે શાળા પ્રવેશોત્સવ પ્રસંગે દરેક ગામમાં ઉત્સાહ અને હર્ષનો માહોલ સર્જાય છે. વાલીઓ પોતાના નાના બાળકોને હરખથી શાળામાં પ્રવેશ અપાવવા માટે આવે છે. આવા આનંદભર્યા માહોલમાં મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે બાળકોનું કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવીને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

પેથાપુરની બાળાઓ માટે સહયોગ મંડળનું ચોપડા વિતરણ

સહયોગ મંડળ દ્વારા દર વર્ષે અલગ અલગ શાળાઓમાં ચોપડા વિતરણ કરાય છે : આ વર્ષે પેથાપુર કન્યા શાળા નં. ૧ તથા સે. ૧ ઉમાં રિમાન્ડ હોમ ખાતેના બાળકોને વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સહયોગ મંડળ દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી અવિરતપણે સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે નામ છે. આ મંડળના વરિષ્ઠ સભ્યો દરરોજ ખડે પગે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને મદદરૂપ થાય છે, બળબળતા તાપમાં ગરીબોને બાળાઓને ૫૪૪ નંગ ચોપડા આપ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગરના રિમાન્ડ હોમ ખાતેના બાળકોને પણ મદદરૂપ બનવા

છે. આજે સહયોગ મંડળ દ્વારા પેથાપુર ગામની કન્યા શાળામાં વિદ્યાર્થીનીઓને વિના મૂલ્યે જમ્બો સાઈઝના ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સે. ૧ ઉમાં રિમાન્ડ હોમના બાળકોને પણ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સહયોગ મંડળ શહેરમાં નિસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિ ક્ષેત્રે ગુંજતુ પગરખાં પહેરાવે છે તથા વૃદ્ધાશ્રમના વડિલોને વર્ષમાં એકવાર તિર્થયાત્રા પણ કરાવે છે. આ પ્રકારની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ મોટ જાણીતા સહયોગ મંડળ દ્વારા આજે સવારથી જ પેથાપુરની સરકારી કન્યા શાળા નં. ૧ ખાતે જરૂરિયાતમંદ પરિવારની બાળાઓને વિના મૂલ્યે જમ્બો સાઈઝના ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંહી તેમણે કુલ ૧૩૫ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અહી તેમણે ૧૦ બાળકોને કુલ ૫૦ ચોપડા આપ્યા હતા. આ ચોપાડા વિતરણ કાર્ય સહયોગ મંડળ દ્વારા દર વર્ષે શહેરની અલગ અલગ શાળામાં કરવામાં આવે છે. આ સેવા કાર્યમાં સહયોગ મંડળ વતી ભગુભાઈ પટેલ, કિરીટસિંહ વાઘેલા, દિલીપસિંહ રાજપૂત, રતિલાલ સુથાર તથા ડી.એમ. પરમાર જોડાયા હતા.

નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે રવિવારથી ‘સન્ડે સાયન્સ સ્કૂલ’નો પ્રારંભ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સે-૨૩માં આવેલ જિલ્લા કક્ષાના લોક વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે તા. ૧૨મી જૂનથી વર્ષ ૨૦૧૬-૧૭ માટેની ‘સન્ડે સાયન્સ સ્કૂલ’નો પ્રારંભ થઈ રહ્યો છે. સન્ડે સાયન્સ સ્કૂલમાં મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓ લેવાના હોઈ રસ ધરાવતા વિદ્યાર્થીઓને સત્વરે રજીસ્ટ્રેશન કરાવી લેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તથા તેમની જીજ્ઞાસા વૃત્તિ સંતોષાય તે પ્રકારની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો માટે રાજય સરકારે દરેક જિલ્લામાં વિજ્ઞાન કેન્દ્રો શરૂ કર્યા છે. ગાંધીનગરના સે-૨૩ સ્થિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર એ ગુજરાત, કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીનું ગાંધીનગર જિલ્લાનું સરકાર માન્ય જિલ્લા સાયન્સ કેન્દ્ર છે. આ સેન્ટરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રત્યે પ્રેરિત કરી સમાજમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો પ્રચાર પ્રસાર કરવાનો છે. છેલ્લા પંદર વર્ષથી આ સાયન્સ સેન્ટરનો લાભ અનેક વિદ્યાર્થીઓ લઈ ડોકટર, એન્જિનીયર તથા વૈજ્ઞાનિક જેવા ક્ષેત્રોમાં ઝળહળતી સિધ્ધિઓ પ્રાપ્ત કરી ચુકયા છે. આ વિજ્ઞાન કેન્દ્રના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ ‘ચિલ્ડ્રન સાયન્ટીસ્ટ’નો ખિતાબ મેળવવામાં સફળ થયા છે. અહીં વિદ્યાર્થીઓની બુધ્ધિના ખજાનાને સમૃધ્ધ બનાવવા અનેક નવા કાર્યક્રમો તથા અહીંની લાયબ્રેરીમાં ૩૦૦થી પણ વધુ સાયન્સ સંબંધી ફિલ્મોનો ખજાનો છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ચલાવાતી ‘સન્ડે સાયન્સ સ્કૂલ’નો દર રવિવારે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભ લે છે અને તેમના વિજ્ઞાન વિષયમાં આવતા ૪૦ જેટલા પ્રયોગો વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ જાતે કરે છે. આ વર્ષે સન્ડે સાયન્સ સ્કૂલનો પ્રારંભ તા. ૧૨મી જૂનથી કરાશે. આ સાથે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ સાયન્સ વર્કશોપ, નેશનલ સાયન્સ સેમિનાર, સાયન્સ કિવઝ, નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ, વેસ્ટર્ન ઈન્ડિયા સાયન્સ ફેર, નેશનલ રૂરલ આઈટી કિવઝ, ઈન્ટેલ સાયન્સ ફેર જેવી રાજય તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવશે. આ પ્રકારની જિલ્લા કક્ષાની સ્પર્ધાઓનું આયોજન પણ સાયન્સ સેન્ટર દ્વારા કરાશે. સન્ડે સાયન્સ સ્કૂલમાં ધોરણ ૫ થી ૧૦ના વિદ્યાર્થીઓ જોડાઈ શકે છે. જેમાં સવારે ૯ થી ૧૦ ધો-૮, ૧૦ થી ૧૧ ધો-૯, ૧૧ થી ૧૨, ધો-૧૦ના વિદ્યાર્થીઓ તથા બપોરે ૨ થી ૩ ધો-૫, ૩ થી ૪ ધો-૬ અને ૪ થી ૫ ધો-૭ના વિદ્યાર્થીઓ માટે સમય નિયત કરાયો છે. સન્ડે સાયન્સ સ્કૂલમાં રજીસ્ટ્રેશન કરાવવા સે-૨૩માં બ્લોક નં. ૬૧/૧ ખાતે રૂબરૂ અથવા સંસ્થાના ફોન નં. ૨૩૨૩૫૨૧૫૫૨ સંપર્ક સાધવા જણાવાયું છે.

ભિલોડાના ઓડ ગામે શાળા પ્રવેશોત્સવની ઉજવણી

અરવલ્લી જિલ્લામાં ત્રણ દિવસ માટે ગ્રામીણ વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં ૧૫ થી ૧૭ જુન સુધી ત્રણ દિવસનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવવામાં આવનાર છે. બુધવારે ભિલોડા તાલુકાના ઓડ ગામે શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. આ શાળા પ્રવેશોત્સવમાં ભિલોડા માર્ગ અને મકાન વિભાગના ઈ. નાયબ કાર્યપાલક ઈજનેર ડી.એમ. પ્રણામી, લાયજન રમેશ પટેલ, એસ.એમ.સી. કમીટી અધ્યક્ષ, શાળાના શિક્ષકો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઓડ ગામમાં ૫ ભુલકાઓને આંગણવાડી અને ૧૩ બાળકોને ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. હાજર રહેલા ઈ.ના. ઈજનેર ડી.એમ. પ્રણામીએ ભુલકાઓને અભ્યાસઅર્થે શુભેચ્છા પાઠવી હતી.

અરવલ્લી જિલ્લાના વડુમથક મોડાસા શહેરમાં પવિત્ર રમઝાન માસના પ્રથમ દિવસે કોમી-એકતાના દર્શન થયા હતા. મોડાસા શહેરના હિન્દુ-મુસ્લિમ સમાજના મિત્રો દ્વારા મોડાસા શહેરની કસ્બા વિસ્તારની ગરીબ અને જરૂરીયાતમંદ શાળામાં અભ્યાસ કરતી ૧૦૦થી વધુ દિકરીઓને વિનામુલ્યે અભ્યાસકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં નિલેષભાઈ જોષી (જીવદયા પ્રેમી), હાજી ઉસ્માનગની બાયડીયા, પઠાણ સાહેબ, રફીકભાઈ ચડી અને તેમના મિત્ર વર્તુળ દ્વારા અભ્યાસ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મોદીની અપીલ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતુ કે તેમના માટે અમેરિકા માત્ર વિશાળ ભુતકાળ તરીકે જ નથી બલ્કે આશાસ્પદ ભાવિ પણ ધરાવે છે. મોદીએ કહ્યુ હતુ કે તેમની સરકારે ભ્રષ્ટાચારને રોકવા માટે નિર્ણાયક પગલા લીધા છે. વધારે શિસ્તની નિતીઓ અપનાવવામાં આવી રહીછે. વધારે પારદર્શક નિતીઓ અમલી કરવામા આવી રહી છે. મોદીએ તમામ ટોચના કારોબારીઓને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. મોદીએ એમટીસીઆર અને ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપના સભ્યપદ માટે ટેકો આપવા બદલ ઓબામાનો આભાર માન્યો હતો. બંને નેતાઓ વચ્ચે મોદીએ ૨૦૧૪માં સત્તા સંભાળ્યા બાદ સાતમી બેઠક હતી. ઓબામા હવે અવધિ પુરી કરવા જઇ રહ્યા છે. બંને નેતાઓ હવે વધુ એકવાર મળી શકે છે અને આ બેઠક જી-૨૦ શિખરમાં યોજાશે. મોદીએ કહ્યું હતું કે, ઓબામા તેમના ખુબ નજીકના મિત્ર પૈકી છે. દરમિયાન મિસાઇલ ટેકનોલોજી કન્ટ્રોલ રિઝીમ (એમટીસીઆર)ના સભ્યો ભારતને આ ગ્રુપમાં સામેલ કરવા માટે તૈયાર થઇ ગયા છે. અમેરિકાએ એનએસજીમાં ભારતની દાવેદારીને પણ સમર્થન આપી દીધું છે. હજુ સુધી ચીન પણ એમટીસીઆરના સભ્ય તરીકે નથી. એમટીસીઆરના કોર સભ્યો એનએસજીમાં પણ સામેલ છે. આ રીતે અમેરિકાએ સાફ સંકેત આપ્યા છે કે ભારતને એનએસજીના તમામ દેશો અથવા તો એમ કહેવામાં આવી શકે છે કે ચીન સિવાય તમામ દેશોનુ સમર્થન હવે મળી ચુક્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં અમેરિકામાં છે ત્યારે ભારતની મોટી રાજદ્ધારી જીત થઇ છે.

ધમાકેદાર આરંભ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોનસુની વરસાદની શરૂ થતાં લોકોને મોટી રાહત થઈ ગઈ છે. હવે દેશના અન્ય ભાગોમાં પણ મોનસુનની એન્ટ્રી થશે. મુંબઈ અને ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં વરસાદની રાહ જોવામાં આવી રહી છે. સૌથી પહેલા મોનસુનની શરૂઆત કેરળમાં થાય છે. ત્યારબાદ દેશના અન્ય ભાગોમાં મોનસુનની શરૂઆત થાય છે. ગુજરાતમાં પણ ટૂંકમાં જ મોનસુનની એન્ટ્રીની શક્યતા દેખાઈ રહી છે. વાણિજ્ય પાટનગર મુંબઈમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. આ વખતે કાળઝાળ ગરમીના કારણે જનજીવન સંપૂર્ણ ખોરવાઈ ગયું હતું. ગરમીના નવા રેકોર્ડ સર્જાયા હતા. પારો ૫૦ની આસપાસ પહોંચ્યો હતો.

અગાઉ ભારતીય હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું હતું કે, દક્ષિણ પશ્ચિમ મોનસુન કેરળમાં આગામી બે ત્રણ દિવસમાં બેસી જશે અને તેની આગાહી મુજબ જ કેરળમાં મોનસુનની એન્ટ્રી થઈ છે. હવામાન વિભાગે અગાઉ કહ્યું હતું કે, કેરળમાં નવમી જૂનના દિવસે મોનસુનની એન્ટ્રી થઈ જશે. મોનસુન પહેલા પશ્ચિમ બંગાળ, સિક્કિમ, દરિયા કાંઠાના આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ અને આસામ, મેઘાલય અને કેરળના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થઈ ચુક્યો છે. છેલ્લા થોડાક દિવસથી કેરળમાં પણ વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, લક્ષ્યદ્વીપ, કેરળ, મેંગ્લોરમાં સ્થિત ૧૪ હવામાન સ્ટેશનના ડેટા એકત્રિત કરી લેવામાં આવ્યા છે. પરિસ્થિતિ દર્શાવે છે કે, સતત બે દિવસના ગાળા દરમિયાન મોનસુની વરસાદ પહેલાનો વરસાદ થયો છે. ગયા વર્ષે પણ આઈએમડી દ્વારા ૩૦મી મે સુધી દક્ષિણ પશ્ચિમ મોનસુન બેસી જવાની જાહેરાત કરી હતી. હકીકતમાં પાંચમી જૂન સુધી આ તમામ વિસ્તારોમાં મોનસુન બેસી જાય છે.

ચીનની દાદાગીરી..

● અનુસંધાન પહેલાનું ચાલુ

વચ્ચે યોજાઈ હતી. નરેન્દ્ર મોદી ગઈકાલે તેમની વિદેશ યાત્રાના અંતિમ તબક્કામાં અમેરિકા પહોંચી ગયા હતા. અમેરિકા પહોંચ્યા બાદ તેમનુ ભવ્યરીતે સ્વાગત કરવામાં આવ્યુ હતુ. તેમની આ અમેરિકાની યાત્રા સૌથી મહત્વપૂર્ણ છે. મોડી રાત્રે ૧૨.૨૦ વાગ્યાની આસપાસ મોદી વોશિંગ્ટન પહોંચી ગયા હતા. બે વર્ષમાં મોદીની આ અમેરિકાની ચોથી યાત્રા છે. જોઈન્ટ એરબેસ એન્ડ્રુસ પર મોદી પહોંચ્યા તે પહેલા જ ભારતીય મૂળના લોકો મોટી સંખ્યામાં પહોંચી ગયા હતા. એરબેઝ પર હાજર રહેલા ભારતીય સમુદાયના લોકો સાથે મોદીએ વાતચીત કરી હતી. તેમનો આભાર માન્યો હતો. સૌથી મોટી બાબત એ છે કે આ વખતે તેમની યાત્રા અમેરિકી પ્રમુખ બરાક ઓબામાના અંગત આમંત્રણના આધાર પર છે. ઓબામા પ્રમુખ તરીકે પોતાની અવધિ હવે પૂર્ણ કરનાર છે.મોદી આ પ્રવાસના ભાગરૂપે હજુ સુધી અફઘાનિસ્તાન, કતાર, સ્વીડનની યાત્રા કરી ચુક્યા છે.

નેતૃત્વ કરશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કૌશલ્યને ઓલ ગુજરાત સ્પોર્ટસ કાઉન્સીલ ઓફ ધી ડીપ સંસ્થાના કેતનભાઈ શાહે બરોબર પારખી લીધો અને યુવાન શ્રેષ્ઠ રમતવીર તરીકે તૈયાર કરવાનું બિડુ ઉપાડી લીધુ હતુ. કેતનભાઈ શાહે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની મદદથી તમામ જરૂરીયાતો પૂર્ણ કરવા કટિબદ્ધતા દાખવી હતી.

યુવાન હિતેશ ચૌધરીએ જિલ્લાકક્ષા, રાજ્યકક્ષા અને રાષ્ટ્રીય કક્ષાએ તેમજ ખેલ મહાકુંભમાં અનેક મેડલો પુરસ્કારો અને પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા છે. હૈદરાબાદ ખાતે તાજેતરમાં યોજાયેલી નેશનલ વોલીબોલ ટૂર્નામેન્ટમાં હિતેશે શ્રેષ્ઠત્તમ પ્રદર્શન કરતા ભારતીય ટીમમાં તેની પસંદગી કરવામાં આવી છે. અને તેને ભારતીય ટીમના કેપ્ટન તરીકે કમાન સોંપવામાં આવી છે.

આગામી ૩ જુલાઈ ૨૦૧૬થી અમેરીકાની રાજધાની વોશિંગ્ટન ડી.સી.માં ‘‘૩જી વર્લ્ડ વોલીબોલ ટૂર્નામેન્ટ (ડેપ)’’ યોજાશે. જેમાં હિતેશ ચૌધરીના નેતૃત્વ (કેપ્ટનશીપ)માં ભારતીય ટીમ ભાગ લેવા જશે. ભારતીય વોલીબોલ ટીમના ખેલાડી ૧૦મી જૂનના રોજ બેંગ્લોર ખાતે ટ્રેનિંગ કેમ્પમાં ભાગ લેવા રવાના થશે. આ ભારતીય વોલીબોલની ટીમમાં અન્ય એક વલસાડનો યુવાન હાર્દિક પટેલ પણ પસંદગી પામ્યો છે. એટલે ગુજરાતના બે ખેલાડી ભારતીય ટીમમાં પસંદગી પામ્યા છે.

ચરાડાનો મુકબધીર ચૌધરી યુવાન અમેરીકામાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરશે જે તમામ ભારતીયો માટે સન્માન અને ગૌરવની વાત છે. ત્યારે આ યુવાનને અંતરના ઉંડાણથી ઓલ ધ બેસ્ટ કહેવું જ પડે. એટલે ઓલ ધ બેસ્ટ હિતેશ...

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
બ્લોક નં.૧૮, ૪થો માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર નં.૧૧, ગાંધીનગર. ફોન નં. ૨૩૪૯૦૧૭/૧૮

જાહેર નોટીસ

મોજે : સરગાસણ, નગર રચના યોજના નં. ૦૮ જે સરકારશ્રી દ્વારા તા. ૧૯/૧/૨૦૧૫ના રોજ જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૬૦ ઓફ ૨૦૧૫-ટીપીએસ - ૧૧૨૦૧૪-૧૦૩૮-એલ થી પ્રિલિમનરી સ્કીમ મંજુર થયેલ છે. અને નગર રચના યોજના નં. ૮માં સત્તામંડળ દ્વારા કબ્જા ફેરફાર અંગે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૬૭ અને કલમ-૬૮ હેઠળની નોટીસ તમામ મુળખંડોના જમીન માલિકોને / કબ્જેદારોને અત્રેથી પાઠવવામાં આવેલ છે. તેમ છતાં કોઈને ન મળેલ હોય તો તે બાબતે આ જાહેર નોટીસને ધ્યાને લેવાની રહેશે. જે અન્વયે યોજનામાં સમાવિષ્ટ તમામ મુળખંડોના માલિકો / કબ્જેદારોનો તેઓના મુળખંડ પર કોઈ હક્ક રહેતો નથી. અને તમામે પોતાને યોજનામાં ફાળવેલ અંતિમખંડ મુજબ કબજો કરી લેવાનો રહે છે. આથી તમામ જમીન માલિકો / કબ્જેદારો / હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, સત્તામંડળ દ્વારા નગર રચના યોજના નં. ૮ (સરગાસણ)ના તમામ જમીન માલિકો / હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને તેઓના અંતિમખંડના કબ્જા અપાવવાની કામગીરી, સ્થળ પર તા. ૧૦/૬/૨૦૧૬, તા. ૧૩/૬/૨૦૧૬ના રોજ કરવામાં આવશે. સ્થળ પર રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના કબ્જા લેવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. આ અંગે જો કોઈ જાણકારી કે માર્ગદર્શનની જરૂર હોય તો કચેરીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ક્રમાંક : નરચોનં. ૮/ /૨૦૧૬ મુખ્ય કારોબારી અધિકારી
તારીખ : ૭-૬-૨૦૧૬ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
માહિતી/૬૦૯/૨૦૧૬-૧૭ ગાંધીનગર